સાબરકાંઠા જિલ્લામાં દારૂના અડ્ડાઓ પર પોલીસનો સપાટો

તલોદ, તા.૧૮

સાબરકાંઠા જિલ્લામાં દારૂના નેટવર્ક તોડી પાડવા માટે જિલ્લા અધિક્ષકના આદેશથી શરૂ કરવામાં આવેલી ઝુંબેશને કારણે બુટલેગરો ભુગર્ભમાં ઉતરી ગયા છે. અને દારુની હેરાફેરી ઉપર બ્રેક મારી દીધી છે. સાબરકાંઠાને સ્પર્શતી રાજસ્થાન સરહદ પર કડક ચેકીંગ શરૂ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે દારૂની સપ્લાઈ બંધ થઈ જતા જિલ્લામાં દારૂનો દુષ્કાળ પડયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

મળતી માહિતી અનુસાર છેલ્લા કેટલાક સમયથી જિલ્લામાં દૂધ માંગો તો કદાચ ન મળે પરંતુ દારૂ ગમે ત્યારે માગો તો મળતો હતો. દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ બેફામ ધમધમવા લાગ્યા હતા. જેમાં અનેક પરિવારો બરબાદ થયા છે. હિંમતનગરથી માંડી તલોદ, પ્રાંતિજ, બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ થઈ શામળાજી, ઈડર અને ખેડબ્રહ્માના નાના-મોટા ગામડાઓમાં આ દારુની બદી ભારે ફલી ફૂલી હતી અને સવાર-સાંજ દારૂડીયાઓ જાહેર સત્તાઓ ઉપર નજરે પડતા હતા પરંતુ જિલ્લામાં પોલીસ તરફથી વેચનારા અને પીનારાઓની હાલત કફોડી બની ગઈ છે. છેલ્લા એક સપ્તાહમાં જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.ઓને ડી.એસ.પી. કચેરીથી આદેશ કરવામાં આવ્યો છે કે દારૂના તમામ નેટવર્કને તોડી પાડવા કામે લાગી જાવ અને તપાસમાં દારૂ વેચતા હોવાનું માલુમ પડશે તો પી.એસ.આઈ. કક્ષાના અધિકારીઓ ફફડી ઉઠયા છે અને સાત દિવસ એક કરી દારૂના અડ્ડાઓ શોધી રહ્યા છે. બીજી તરફ બુટલેગરો પણ ફફડી ઉઠતા હાલના તબક્કે દારૂના વેચાણ ઉપર બ્રેક મારી દીધી છે. અને આવા તત્વો ભૂગર્ભમાં ઉતરી ગયા છે. જિલ્લામાં શામળાજી પાસે રતનપુર ચેક પોસ્ટ પાસે રાજસ્થાન બોર્ડર હોવાથી છેલ્લા એક મહિનામાં ત્યાંથી લાખો રૂપિયાનો દારૂ જિલ્લા પોલીસે પકડી પાડયો છે. આ ઉપરાંત અનેક અડ્ડાઓ નિશાન બનાવી દરોડા પાડયા છે. જેના કારણે હાલ જિલ્લામાં દારુ મળવું મુશ્કેલ બન્યું છે. આથી કેટલાક પરિવારો આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

પ્રાંતિજ-તલોદ ક્ષત્રિય સમાજ દ્વારા ૧૮મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

પ્રાંતિજ, તા.૧૮

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ-તલોદ ક્ષત્રિય સમાજ દ્વારા ૧૮મો સમૂહ લગ્નોત્સવ ભારે ધામધૂમપૂર્વક યોજાયો હતો. જેમાં સમાજના ૩૦ નવયુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા.

પ્રાંતિજ તલોદ ક્ષત્રિય સમાજના આ સમુહ લગ્નોત્સવમાં મુખ્ય મહેમાન પદે મેઘરજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ કાયદામંત્રી વી.ડી. ઝાલા, ધારાસભ્ય માણસા બાબુજી ઠાકોર, દિપસિંહ રાઠોડ, કાળુસિંહ ચૌહાણ, સાં.કા. જી. પંચાયત સદસ્ય મહેન્દ્રસિંહ બારૈયા, મણીભાઈ પટેલ, શાંતુભાઈ પટેલ તથા કાન્તિભાઈ ઠાકોર વગેરે ક્ષત્રિય સમાજના આગેવાનોએ ઉપસ્થિત રહી નવદંપતિને આર્શીવાદ આપ્યા હતા. પ્રાંતિજ-તલોદ ક્ષત્રિય સમાજના આયોજકોએ આ સમુહલગ્નનું સુંદર આયોજન કર્યુંહતું.

રાજપુર મઠના કાર્યક્રમમાં મુખ્યમંત્રીને આમંત્રણ અપાતા યુધ્ધના ધોરણે રોડનું કામ શરૂ

ડીસા, તા. ૧૮

ડીસાના રાજપુર વિસ્તારમાં આવેલા રાજપુર મઠ જાગીર ખાતે મહાશિવપુરાણકથા, વિરાટસંત સંમેલન તથા ભંડારા મહોત્સવની ભકતગણ દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાત રાજસ્થાન સહિત રાજયોના અગ્રણ્ય યોગીઓ મહંતો સંતો, ગાદીપતિઓ અને સરકારના મંત્રીઓ અધિકારીઓ ઉપસ્થિત રહેવાના છે તેમાં માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને આમંત્રણ આપવામાં આવેલ છે ત્યારે મુખ્યમંત્રી જે માર્ગ પર થઈને કાર્યક્રમમાં જવાના છે તે માર્ગની સિકલ બદલવા માટે વહીવટીતંત્ર કામે લાગ્યુ છે અને મુખ્યમંત્રી પધારે તે પહેલાં રોડનું કામ પૂર્ણ કરી દેવાનો આદેશ આપી દેવાયો છે. જોકે, આ માર્ગ નવો બનાવવાની કામગીરીને કારણે આસપાસના રહીશોમાં આનંદ છવાયો છે.

ગવાડી-ભોપનગર થઈ રાજપુરને જોડતો માર્ગ એકદમ બિસ્માર બની ગયો હતો તેના પર બનાસનદીમાંથી રેતી ભરેલા ડમ્પરો, ટ્રકો અને ટેકટર દિવસરાત દોડતા હોવાથી આ રોડના છોતરા ઉડાવી દીધા હતા અને હવે જયારે આ કાર્યક્રમમાં મોદી સાહેબ હાજર રહેવાના છે ત્યારે માર્ગનું નવિનીકરણ હાથ ધરાયુ છે ત્યારે લોકોમાં ચર્ચાઈ રહ્યું છે કે મોદી સાહેબ તો એક દિવસમાં આવીને જતા રહેશે પરંતુ લોકોને સારો રોડ મળી જશે.

જોકે, રાજપુર વિસ્તારના રહીશોનું કહેવુ છે કે ડીસા શહેર પોલીસ મથક થઈને રાજપુરને જોડતો માર્ગ ૧૯૮૬ના અરસામાં બન્યો હતો તે અત્યારે એકદમ ભંગાર બની ગયો છે આ રસ્તો રાજપુરનો મુખ્ય રસ્તો છે. એટલે મુખ્યમંત્રી મોદીને જો ભોપાનગરવાળા માર્ગ કરતા આ રસ્તાથી લઈ જવાયા હોતતો ડીસા શહેરના માર્ગોની હાલત શું છે? પ્રજા કઈ રીતે ખખડધજ માર્ગો પર પસાર થઈ રહી છે? તેનો ખ્યાલ આવી જાત.

અન્ય ભંગાર માર્ગોની હાલત કયારે સુધરશે ? : નાગરિક

આ બાબતે ડીસા ગવાડીના જાગૃત નાગરિક ઈકબાલભાઈ શેખે જણાવ્યુ હતુ કે રાજપુર મઠના કાર્યક્રમમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી મહંતોના આશિર્વાદ લેવા માટે આવવાના છે ત્યારે ભોપાનગર રાજપુરના માર્ગ થઈ કાર્યક્રમમાં જવાના છે એટલે આ માર્ગ નવો બની રહ્યો છે ત્યારે જે ભંગાર માર્ગ બનાવવા વારંવાર રજુઆતો થઈ છે તેની હાલત ક્યારે સુધરશે ?

હિંમતનગરમાં નવા કેબલ ઓપરેટરોએ લાખો રૂપિયાના કેબલો કાપી નાખતા ચકચાર

હિંમતનગર, તા.૧૮

હિંમતનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી કેબલ ઓપરેટરો વચ્ચે હોડ જામતા કેબલ યુધ્ધના ભણકારા વાગી રહ્યા છે. બે દિવસ અગાઉ વર્ષો જૂના કેબલ ઓપરેટરના હિંમતનગર શહેર અને આસપાસના લાખ્ખો રૂપિયાની કિંમતના કેબલ કાપી નાખતા ચકચાર મચી જવા પામી છે.

હિંમતનગર શહેરમાં સીટી કેબલ નામના ઓપરેટર દ્વારા છેલ્લા બે એક દાયકાથી કેબલ સર્વીસનું કામ ચલાવાઈ રહ્યું છે. કેબલ નેટવર્કીંગમાં ઘી-કેળાની અનુભૂતિ થતા છેલ્લા કેટલાક સમયથી એક હરીફ જૂથ દ્વારા આ ક્ષેત્રમાં ઝંપલાવવામાં આવ્યું છે અને પ્રતિસ્પર્ધી જૂના કેબલ ઓપરેટરનું સામ્રાજ્ય પુરું કરી દવા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ ચર્ચાઓને પુરેપુરું સમર્થન મળતું હોય તેવું પ્રકાશમાં આવી રહ્યું છે. બે દિવસ અગાઉ વર્ષોથી ચાલી રહેલ સીટી કેબલના કેબલ કાપી નાખી કોઈ લઈ ગયું છે. લાખ્ખો રૂપિયાની કિંમતનો કેબલ કપાઈ જવા સહિત ગ્રાહકોની સર્વિસમાં પણ અડચણ ઉભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો સીધો આક્ષેપ થઈ રહ્યો છે. કમનસીબ બાબત એ છે કે પોલીસ આ બધું જાણવા છતાં આંખ આડા કાન કરી રહી છે.

એકશન લેવામાં પોલીસ કેમ મજબૂર બની છે તે કહી શકાતું નથી પરંતુ ચર્ચાઈ રહ્યા મુજબ મોટું રાજકીય પીઠબળ ધરાવતા જૂથને છાવરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.
ચોંકવાજનક માહિતી એવી પણ મળી રહી છે કે પોલીસ ચોપડે ફરિયાદ નોંધાશે તો આવી જ ક્રોસ ફરિયાદ ભોગ બનનાર કેબલ ઓપરેટર વિરૂધ્ધ નોંધવાની પણ તજવીજ કરવામાં આવી રહી છે. શહેરના સાચા વિકાસની વ્યાખ્યા કદાચ કેબલયુધ્ધને બનાવી દેવાઈ છે. પીવાનું પાણી, સ્વચ્છતા, આરોગ્ય માર્ગોની સુવિધા જેવા સાચા વિકાસને વિસરી જવાયો છે.

હિંમત હાઈસ્કૂલનું ગૌરવ

હિંમતનગર, તા. ૧૮

માર્ચ-૨૦૧૨માં લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેની શ્રી હિંમત હાઈસ્કૂલ ૮૫.૬૧ ટકા પરિણામ મેળવી શાળાએ ઉત્કર્ષ દેખાવ કરેલ છે. ૨૮ વિદ્યાર્થીઓએ એટુ, ગ્રેડ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

શાળાનું ગૌરવ વધારતા પટેલ હર્ષ પરેશકુમાર ૫૮૫/૬૫૦ ગુણ મેળવી ૯૦ ટકા સાથે શાળામાં પ્રથમ, પાર્થ દિનેશચંદ્ર સુથાર ૬૨૭/૭૦૦ ગુણ મેળવી ૮૯.૫૭ ટકા સાથે દ્વિતિય ક્રમે અને મિલીન્દ જયપ્રકાશ પંડ્યા ૫૭૭/૬૫૦ ગુણ મેળવી ૮૯.૬૭ ટકા સાથે તૃતિય સ્થાને ઉત્તિર્ણ થયા છે. જેમને શાળા પરિવારના સભ્યો આચાર્ય સી.વી. દરજી, મંડળના પ્રમુખ નાથાભાઈ પટેલ, મંત્રી પ્રહલાદભાઈ સોમાણી, ઉપપ્રમુખ ડ. કે.કે. પટેલ અભિનંદન પાઠવ્યા હતા.

કુચાવાડાની પિતરાઈ બહેનો પર બળાત્કાર કરનાર બે આરોપી ઝડપી લીધા

(તસવીર : કાન્તીજી લોધા, ડીસા)

ડીસા, તા. ૧૮

ડીસા તાલુકાના કુચાવાડા ગામની પિતરાઈ બહેનોનું અપહરણ કરી બળાત્કાર ગુજારનાર નાસતા ફરતા બે આરોપીઓને ડીસા રૂરલ પોલીસની ટીમે ઝડપી લઈ રીમાન્ડ મેળવવાની તરવીજ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મૂજબ ડીસા તાલુકાના કુચાવાડા ગામની બે પિતરાઈ બહેનોનું અપહરણ કરી મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારનાર પ્રકાશ અરજણભાઈ પટેલ (રહે.બુરાલ તા.ડીસા) અને જયેશ પીરાભાઈ પટેલ (રહે.જાવલ તા.ડીસા) તેમજ મદદગારી કરનાર રામચંદ મોતીભાઈ ચૌધરી અને બોલેરો જીપના ચાલક વિરૂધ્ધ યુવતિએ ડીસા રૂરલ પોલીસ મથકમાં અપહરણ અને મરજી વિરૂધ્ધ બળાત્કાર કર્યાની ફરિયાદ નોધાવી હતી આથી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી આરોપીઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા હતાં.

જેમાં ગુરૂવારની રાતે રૂરલ પી.આઈ. એમ. કે. રાણા, પો.કો.જસુભા, દીલીપભાઈ સહિતની ટીમે બુરાલ ગામની સીમમાંથી રાત્રિના ૧૦.૧૫ પ્રકાશ પટેલ અને જયેશ પટેલ કલાકે ઝડપી લીધા હતાં. બન્ને આરોપીને કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી હતી. આ કેસની વધુ તપાસ પી.એસ.આઈ. એમ.કે.રાણા ચલાવી રહ્યા છે. જયારે રામચંદ મોતીભાઈ પટેલ (રહે.કુચાવાડ તા.ડીસા) અને બોલેરો જીપના ચાલકની શોધખોળ ચાલી રહી છે.

હિંમતનગર ખાતે રૂ. ૭ કરોડના ખર્ચે નવનિર્મિત સંકુલોનું લોકાર્પણ

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર (હાંસલપુર) ખાતે અંદાજીત રૂ. છ કરોડના ખર્ચે તૈયાર થયેલ નવિન કુમાર શાળા તથા છાત્રાલયનું લોકાર્પણ કરતા સામાજીક અને ન્યાય અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે આવનારી પેઢીને શિક્ષણથી વંચિત ન રાખી શકાય અને ભાવિ પેઢીને મૂલ્યનિષ્ઠ શિક્ષણ મળવું જોઈએ.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ રાજ્ય સરકાર સતત વંચિતોની ચિંતા કરી રહી છે. સમાજના આ પછાત વર્ગોને પણ સમાન શિક્ષણ અને અધિકાર મળી રહે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સામાન્ય રીતે પછાતવર્ગના બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે છેક છેવાળાના વિસ્તારોમાં પણ અતિ આધુનિક શાળા અને છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. મંત્રીશ્રીએ રાજ્ય સરકારની વિવિધ યોજનાની વાત કરતા જણાવ્યું હતું કે અગાઉના વર્ષોમાં પછાતવર્ગોના કલ્યાણ અર્થે મર્યાદિત બજેટ ફાળવવામાં આવતું હતું પરંતુ ચાલુ સાલે રાજ્ય સરકારે રૂ. ૫૧૯ કરોડની માતબર રકમ માત્ર સામાજીક રીતે પછાત વર્ગના કલ્યાણ અર્થે ખર્ચવાનું નક્કી કર્યુ છે.

આ પ્રસંગે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ કલ્યાણ રાજ્યમંત્રીશ્રી વાસણભાઈ આહીરે પ્રજાજનોને સંબોધતા જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સમાજના અન્ય પછાત વર્ગો આર્થિક ઉન્મૂલનની દિશામાં કામ કરી રહી છે. રાજ્યમાં લગભગ ૫૦ ટકા ઉપરાંતની વસતી બક્ષીપંચ સમુદાયની છે. પરંતુ આજ દિન સુધી કોઈએ તેની પરવા કરી ન હતી, પણ આજે પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સાશનમાં તેમની ચિંતા કરવામાં આવી રહી છે. સામાન્ય રીતે મદારી, વાદી, થારી, સમાજના લોકો અન્ય વર્ગોથી દૂર રહેતા તે સમુદાયોને સમાજમાં પ્રતિષ્ઠાનું સ્થાન અપાવ્યું છે.

ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે આજે પછાત વર્ગના લોકોને રહેઠાણ માટે પાકા મકાન, રોજગારી માટે ધંધા વ્યવસાયની સવલત ઉભી કરવામાં આવી છે. શૈક્ષણિક ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓએ પછાતવર્ગના બાળકોને શિક્ષણની સાચી દિશા ચિંધી છે.

મહેસાણામાં જાગરૂકતા શિબિર યોજાઈ ૩૩૫ લાભાર્થીઓને ધિરાણ મળ્યું

મહેસાણા મુકામે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા ગરીબી રેખા હેઠળ જીવન નિર્વાહ કરતા અનુસૂચિત જાતિના મહેસાણા-પાટણ જિલ્લાના પસંદગી મેળામાં, લાભાર્થીઓને મહિલા સમૃદ્ધિ યોજના અને માઈક્રોફાઈનાન્સ યોજનાના ચેકોનું વિતરણ સામાજિક ન્યાય અધિકારિતાના મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. ૩૩૫ લાભાર્થીઓને એક કરોડનું ધિરાણ આપવામાં આવ્યું. સમારંભમાં મુખ્ય મહેમાન પદે કોર્પોરેશનના ચેરમેનશ્રી ઝવેરભાઈ ચાવડા, અતિથિ વિશેષ પદે સંસદ સભ્યશ્રી, નટુભાઈ ઠાકોર, શ્રી જીતેન્દ્ર વાઘેલા, જિલ્લા કલેકટરશ્રી આર. કે. બેનીવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.એન. ઠક્કર. ડિરેકટર શ્રી રાજેન્દ્રભાઈ ચાવડા, જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી સવિતાબેન જાદવ, પાટણના ચેરમેન મહેમાન હતા. સ્વાગત પ્રવચન શ્રી વી. એસ. પટેલ કર્યું હતું.

ટુંકી મુદતની નિવિદા

વિકાસ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુ.રા. ગાંધીનગરની કચેરીમાં નીચે મુજબના સાધનના રીપેરીંગ, પાર્ટસ, અને સર્વિસ કામગીરી કરાવવા માટે એક વર્ષનો રેઈટ કોન્ટ્રાક્ટ આપવા માટે ટેકનીકલ અનુભવી વેપારી પાર્ટીઓ પાસેથી ગાંધીનગર મુકામે કામગીરી કરી આપવા ઈચ્છા ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવપત્રકો તા. ૨૪-૫-૨૦૧૨ સુધીમાં અત્રે મળે તે રીતે કચેરી સમય સુધીમાં પહોંચે તે રીતે રૂબરૂ અથવા આર.પી.એ.ડી.થી બંધ કવરમાં રજૂ કરવાના રહેશે. આવેલ ભાવો અંગેના સીલબંધ કવરો તા. ૨૮-૫-૨૦૧૨ના રોજ ૧૫.૦૦ કલાકે સંબંધિત એજન્સીના પ્રતિનિધિની હાજરીમાં ખોલવામાં આવશે.

કામગીરીની વિગત

(૧) સ્પ્લીટ એ.સી. - ૧૪ (૨) વિન્ડો એ.સી. - ૪ (૩) એર કુલર - ૭ (૪) આર.ઓ. પ્લાન્ટ ૨૫ લીટર - ૧

વિકાસ કમિશનર કચેરી — સહી/-
તા. ૧૭-૫-૨૦૧૨ — **મદદનીશ વિકાસ કમિશનર**
માહિતી/૩૪૯/૧૨-૧૩ — ગુજરાત રાજ્ય, ગાંધીનગર

જાહેર નિવિદા

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સે.૩૦, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન યોજવામાં આવનાર પ્રવૃત્તિઓ માટે ગણવેશ, વાહન, પ્રિન્ટીંગ, સ્ટેશનરી, ભોજન, લાઈટ, માઈક, મંડપ, પાણી, મેદાન સાધન વગેરે પુરા પાડવા માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી ટેન્ડર ફોર્મ મેળવી શરતોને આધિન ભરીને જાહેરાત પ્રસિદ્ધ થયાના દિવસથી ૨૮-૫-૧૨ના રોજ ૧૪.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. **જિલ્લા રમતગમત અધિકારી**
માહિતી/૩૪૧/૧૨-૧૩ — ગાંધીનગર

આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ ૨૨ મે ૨૦૧૨ સામુદ્રિક જૈવવિવિધતા

પફર ફીશ

વર્ષ ૧૯૯૩ના ડિસેમ્બર માસની ૨૯મી તારીખે સંયુકત રાષ્ટ્રસંઘની દ્વિતીય કમિટી ધ્વારા વિશ્વકક્ષાએ આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ ઉજવવાનું નકકી કરવામાં આવ્યું. આ માટે પ્રત્યેક વર્ષની મે માસની ૨૨મી તારીખના રોજ આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ ટયઘત્ભ્ચ્ઘબ્ત્ત્ઃઘર્બ ખ્યઃન્નિ'બ મિર્‌–ભ્ર(ય્ત્થ મબ્ત્ર્‌ જાહેર કરવામાં આવ્યો. ત્યારથી લઈને પ્રત્યેક વર્ષે જુદા–જુદા જૈવિક વિવિધતાને લગતાં વિષયોની પસંદગી ઉપર સમગ્ર વર્ષ દરમ્યાન તેની ઉજવણી કરીને, પુખ્ત વિચારણાને અંતે જરૂરી પગલાં લેવામાં આવે છે. વર્ષ ૨૦૧૨ માટે ''સામુદ્રિક જૈવિક વિવિધતા'' અંગેનો વિષય નકકી કરવામાં આવેલ છે.

સમુદ્ર એટલે કે દરિયો શબ્દ જ વિશાળતા, અનંતતા માટે વપરાતો શબ્દ છે. આપણી પૃથ્વીની સપાટી પરના ૭૧% વિસ્તારમાં દરિયો છવાયેલો છે. ત્યારે સ્વાભાવિકપણે દરિયાઈ વોની વિવિધતા પણ ખુબ જ મોટાપ્રમાણમાં હોય તે હકીકત છે. અગાધ દરિયામાં કેટલું જૈવવૈવિધ્ય છે. તેનો અંદાજ કરવો ખુબ જ કઠીન કાર્ય છે. પરંતુ વર્ષોના અભ્યાસ બાદ અને તાજેતરમાં ૮૦ રાષ્ટ્રોના ૨૭૦૦ વૈજ્ઞાનિકોએ પૃથ્વીના જુદા–જુદા સમુદ્રોના દરિયાઈ વોના જૈવવૈવિધ્યનો એક અભ્યાસ કર્યા બાદ નિષ્કર્ષ પર આવ્યા કે આજે આપણે વર્ગીકૃત કરી શકયા છીએ તેવા ૨,૫૦,૦૦૦ વો દરિયામાં છે. જેમાં દરિયાઈ વાયરસ જેવા સુક્ષ્મ વોનો સમાવેશ થતો નથી. આ ઉપરાંત હજુ આપણે ઓળખી નથી શકયા તેવા ૧૦ લાખથી પણ વધુ દરિયાઈ વોનું વૈવિધ્ય હોવાનો અંદાજ રખાય છે. આ વાયરસ જેવા અગણિત સૂક્ષ્મ વોની તો વાત જ અલગ છે.

વિશ્વનું મોટામાં મોટુ પ્રાણી એવું બ્લ્યુ–વ્હેલ દરિયાઈ સસ્તન વ છે. રેતાળ દરિયાકાંઠાથી લઈને ઉંડા દરિયાના કાળા પાણીમાં વોની સમૃધ્ધિ જોવા મળે છે.

દરિયામાં સ્થિત ફાયટો પ્લાંકટોન નામની વનસ્પતિ પૃથ્વી પરનો ૫૦% પ્રાણવાયુ પેદા કરે છે. આજે વિશ્વની ૪૧% વસતી દરિયાકાંઠાની ૧૦૦ કીલો મીટરના વિસ્તારમાં રહે છે. જે અંદાજે ૨૮૦ કરોડથી વધુ થવા જાય છે. આ રીતે વો માટે સમુદ્ર મહત્વનો બની જાય.

દિન પ્રતિદિન દરિયામાં માછલીઓનું પ્રમાણ ઘટી રહયું છે. વિશ્વની ૪૧% પ્રોટીનની જરૂરિયાત દરિયાઈ માછલીઓ થકી પ્રાપ્ત થાય છે, ત્યારે પર્યાવરણીય સમસ્યાઓના કારણે માછીમારીમાં ૧૩% નો ઘટાડો નોંધાયો છે. આજે દરિયાના ૩૦ થી ૩૫% આવાસ સ્થાનો નાશ પામ્યા છે. જેમાં મુખ્યત્વે દરિયા ઘાસીયા મેદાનો, ચેરના વનો અને પરવાળાના ખડકોનો સમાવેશ થાય છે. ફોસીલ ફયુલના બેફામ ઉપયોગના કારણે દરિયાના જળ વધુ ગરમ અને એસિડીક થઈ રહયા છે. જે ખુબ જ ચિંતાજનક બાબત છે.

દરિયા વોમાં દવાઓ, રસાયણો, ખોરાક, સૌદર્યમાં પ્રસાધનો જેવી દુલર્ભ ઉત્પાદનોનો ખજાનો છે. જે હજુ માનવોની સમજશકિતની બહાર છે.

દરિયાઈ વો વગર પૃથ્વી પર માનવ વન શકય નથી. ત્યારે આ વર્ષના ''દરિયાઈ જૈવ વૈવિધ્ય'' વિષયને ધ્યાનમાં લઈને આપણે સહુએ તેના રક્ષણ અને સંવર્ધન પ્રત્યે જાગૃત થવાની તાતી જરૂરિયાત છે. દરિયાઈ ઉત્પાદનોનો હાનિકારક ઉપયોગ ઘટાડીએ અને દરિયાઈ જળને દુષિત કરતી પ્રવૃત્તિઓ પર કાબુ મેળવીએ તેવા પ્રયાસો પ્રત્યેક કક્ષાએ થાય તે જરૂરી છે.

માહિતી/૩૫૫/૧૨-૧૩

ભારતનું સૌથી વિશાળ અસ્થાયી પ્રદર્શન પેવેલિયન

ગાંધીનગર, તા. ૧૮

વિદેશી નિવેશને (રોકાણ) આકર્ષવા માટે ગુજરાત સરકારે ૧૨મી અને ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે વાઈબ્રન્ટ સમીટ ૨૦૧૧ યોજેલ હતી. જેમાં યોજવામાં આવેલ પ્રદર્શન અને કન્વેન્શન સેન્ટર ખાતે ઊભું કરવામાં આવેલું જે અસ્થાયી (હંગામી) હોવા છતાં, ખૂબજ આકર્ષણનું કેન્દ્ર બનેલ હતું. તેની સ્થાપત્ય ડીઝાઈન, ગુજરાતને એક ઉભરતા ઔદ્યોગિક નગર તરીકે પ્રસ્થાપિત કરતી હતી અને આ પ્રદર્શનમાં મહાત્મા ગાંધીના જીવન સાથે સંકળાયેલ બનાવો જેવા કે, મહાત્મા ગાંધીની ભેદભાવ (અસમાનતા) સામેની ચળવળને દર્શાવતા મીઠા-સત્યાગ્રહ તેમજ ચરખા જેવા મહાત્મા ગાંધીના જીવનના વિવિધ પાસાંઓ વણી લઈને ઈવેન્ટ સ્થળના પરિસરનું સંયોજન કરવામાં આવેલ હતું જે ધ્યાનાકર્ષક હતું.

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES · APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સકલુસિવ શો-રૂમ
asian TILES WORLD · Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ સહ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન